Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer

૨૧ ડિસેમ્બર ૨૦૨૦ / 18351

**શ્રી વિજયભાઈ રૂપાણી**
માનનીય મુખ્યમંત્રીશ્રી
ગુજરાત સરકાર
સ્વર્ણિમ સંકુલ 1, ત્રીજો માળ
નવા સચિવાલય
ગાંધીનગર - 10

**વિષય: અમદાવાદ શહેરમાં કર્ફ્યુના સમયમાં ઘટાડો કરવા બાબતે**

માનનીય મુખ્યમંત્રીશ્રી,

GCCI તરફથી શુભેચ્છાઓ.

કોવિડ 19 મહામારીના સંક્રમણ ઘટાડવા માટે આપશ્રી દ્વારા જે પગલાં અને નિર્ણયો લેવામાં આવ્યા છે તે પ્રશંસનીય છે સાથેસાથ રાજ્યનો આર્થિક વિકાસ થોભી ના જાય તે માટે વેપાર ઉધોગોના હિતને ધ્યાને રાખી ને જે છૂટછાટ આપવામાં આવી છે તેને અમે આવકારીએ છીએ.

સાહેબશ્રી, આપશ્રી ને વિદિત છે કે કોવિડ ને કારણે ઉધોગોને ખુબ જ નુકસાન થયું છે. કોરોનાને કાબૂમાં લેવા માટે સરકારે રાજ્યનાં ચાર મહાનગર અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરતમાં 23 નવેમ્બરથી રાત્રિના 9 કલાકથી સવારના 6 વાગ્યા સુધી કર્ફ્યૂ લગાવ્યો છે. આ નિર્ણય જે-તે સમયે ખુબ અનિવાર્ય હોઈ તેને આવકાર્યો હતો. પરંતુ રાત્રી કર્ફ્યૂના કારણે વેપાર ધંધાને ખાસ કરીને રેસ્ટોરેન્ટ/ હોટેલો ને 9 વાગ્યે કર્ફ્યુ શરૂ થતો હોવાથી કર્મચારીઓને 7 વાગ્યે છોડી મુકવા પડે છે.મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ગુજરાતમાં કુલ આર્થિક પ્રવૃતિઓમાં મોટો હિસ્સો વેપાર ધંધાઓનો રહ્યો છે.

હવે જયારે શહેરમાં કોરોનાના કેસોમાં ફરી ઘટાડો થવા પામ્યો છે અને પરિસ્થિતિ નિયંત્રણમાં આવી રહી છે ત્યારે જો કર્ફ્યુનો સમયગાળો રાત્રિના 11 થી સવારના 5 સુધી કરવામાં આવે તો આર્થિક પ્રક્રિયા ઝડપી બને. અને સાથોસાથ કોરોનાને કાબુમાં રાખવાના ઉદ્દેશનું પાલન પણ થઇ શકે. વેપાર તથા ઇન્ડસ્ટ્રીને ફરી વેગવંતા બનાવી શકાશે અને સાથોસાથ સંક્રમણને અટકાવવાનો ધ્યેય પણ સચવાશે.

**Natubhai Patel**
President

**Hemant N. Shah**
Sr. Vice President

**K. I. Patel**
Vice President

**Pathik S. Patwari**
Hon. Secretary

**V. P. Vaishnav**
Hon. Secretary (R)

**Sachin K. Patel**
Hon. Treasurer

આપશ્રી અમારી વિનંતી ધ્યાને રાખીને ને કર્ફ્યુનો સમયગાળો રાત્રિના 11 થી સવારના 5 સુધી કરી આપશો તેવી આશા સહ,

આપનો વિશ્વાસુ,

નટુભાઈ પટેલ
પ્રમુખ

**નકલ રવાના:**

1. શ્રી મુકેશ કુમાર, IAS, મ્યુનિસિપલ કમિશ્નર, અમદાવાદ શહેર
2. શ્રી ઉદિત અગ્રવાલ,IAS, મ્યુનિસિપલ કમિશ્નર, રાજકોટ
3. શ્રી સ્વરૂપ પી., IAS, મ્યુનિસિપલ કમિશ્નર વડોદરા
4. શ્રી બંછા નિધિ પાની, IAS, મ્યુનિસિપલ કમિશ્નર સુરત
5. શ્રી સંજય શ્રીવાસ્તવ, IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર

Shri Ambica Mills - Gujarat Chamber Building,
Ashram Road, Ahmedabad- 380009. INDIA.
+91 - 79 - 2658 2301-2-3-4
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org